# 6 બજાર (Market)

**પરિચય**

**બજારનો અર્થ :** વસ્તુ કે સેવાના ખરીદ-વેચાણના હેતુથી ખરીદનાર અને વેચનારા એકબીજાના પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્કમાં આવે તેવી વ્યવસ્થા.

**બજારનાં ઘટકો (બજારનાં લક્ષણો) :** (1) ખરીદનારા અને વેચનારા (2) વસ્તુઓ કે સેવાઓ (3) સંપર્ક (4) કિંમત (5) બજારની સ્થિતિ અંગેની જાણકારી.

**બજારનું વર્ગીકરણ :** સ્થાન આધારિત બજાર, જથ્થા આધારિત બજાર અને હરીફાઈ આધારિત બજાર.

**સ્થાન આધારિત બજાર :** (1) સ્થાનિક બજાર (2) પ્રાદેશિક બજાર (3) રાષ્ટ્રીય બજાર (4) આંતરરાષ્ટ્રીય બજાર.

**જથ્થા આધારિત બજાર :** (1) જથ્થાબંધ બજાર (2) છૂટક બજાર

**હરીફાઈ આધારિત બજાર :** (1) પૂર્ણ હરીફાઈ (2) અપૂર્ણ હરીફાઈ

**પૂર્ણ હરીફાઈ :** સમાનગુણી વસ્તુના અસંખ્ય ખરીદનારા અને વેચનારા હોવાથી કોઈ એક કે થોડા ઉત્પાદકો વસ્તુની કિંમત પર અસર પાડી શકે નહિ તેવું બજાર.

**પૂર્ણ હરીફાઈનાં લક્ષણો :** (1) અસંખ્ય વેચનારા અને અસંખ્ય ખરીદનારા (2) સમાનગુણી વસ્તુઓ (3) પેઢીઓની મુક્ત અવર-જવર (4) બજાર અંગેનું સંપૂર્ણ જ્ઞાન (5) ઉત્પાદનનાં સાધનો સંપૂર્ણ ગતિશીલ (6) વાહનવ્યવહાર-ખર્ચનો અભાવ.

**ઈજારો :** વસ્તુનો એક જ વિક્રેતા હોય તેવું બજાર.

**ઈજારાનાં લક્ષણો :** (1) એક જ ઉત્પાદક કે વેચનાર અને અસંખ્ય ખરીદનાર (2) નજીકની અવેજી વસ્તુનો અભાવ (3) નવી પેઢીઓના પ્રવેશ પર અંકુશ (4) કિંમત અથવા વેચાણ પર કાબૂ (5) અસામાન્ય નફો (6) કિંમત-ભેદભાવ (7) પેઢી એ જ ઉદ્યોગ

**ઈજારાયુક્ત હરીફાઈ :** પૂર્ણ હરીફાઈ અને પૂર્ણ ઈજારો ન હોય પણ બંનેનું સહઅસ્તિત્વ હોય તેવા બજારને ઈજારાયુક્ત હરીફાઈ કહે છે.

**ઈજારાયુક્ત હરીફાઈનાં લક્ષણો :** (1) મોટી સંખ્યામાં વેચનારા અને અસંખ્ય ખરીદનારા (2) વસ્તુ-વિભિન્નતા (3) પેઢીઓની મુક્ત અવર-જવર (4) વેચાણ-ખર્ચ (5) બિનકિંમત હરીફાઈ (6) બજાર અંગેનું અપૂરતું જ્ઞાન

**અલ્પહસ્તક ઈજારો :** અલ્પ ઉત્પાદકો કે વેચનારાઓ સમાનગુણી વસ્તુ અથવા નજીકની અવેજી વસ્તુઓના ઉત્પાદન કે વેચાણનું કાર્ય કરે અને હરીફાઈ તીવ્ર કક્ષાની હોય તેવું બજાર.

**અલ્પહસ્તક ઈજારાનાં લક્ષણો :** (1) અલ્પ (થોડા) વેચનારા અને અસંખ્ય ખરીદનારા (2) સમાનગુણી કે નજીકની અવેજી વસ્તુ (3) પેઢીઓનો પ્રવેશ (4) વેચાણ-ખર્ચ (5) પરસ્પર અવલંબન (6) કિંમત ચુસ્તતા (ખાંચાવાળી માંગરેખા)

## વિભાગ A

- **નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરી લખો :**

**1.** અર્થશાસ્ત્રમાં બજારનો ખ્યાલ કેવો છે ? ☐

(A) વિસ્તૃત (B) સંકુચિત

(C) મર્યાદિત (D) વસ્તુલક્ષી

**2.** માટીનાં વાસણોનું બજાર કેવું બજાર ગણાય છે ?

(A) પ્રાદેશિક (B) રાષ્ટ્રીય

(C) આંતરરાષ્ટ્રીય (D) સ્થાનિક

**3.** ગુજરાતી ચલચિત્રો કેવા બજારનું ઉદાહરણ ગણાય છે ?

(A) સ્થાનિક (B) પ્રાદેશિક

(C) રાષ્ટ્રીય (D) આંતરરાષ્ટ્રીય

**4.** અમૂલ આઈસક્રીમનું બજાર કેવા બજારનું ઉદાહરણ ગણાય છે ?

(A) સ્થાનિક (B) પ્રાદેશિક

(C) રાષ્ટ્રીય (D) આંતરરાષ્ટ્રીય

**5.** અંગ્રેજી ચલચિત્રો કેવા બજારનું ઉદાહરણ ગણાય છે ?

(A) આંતરરાષ્ટ્રીય (B) રાષ્ટ્રીય

(C) પ્રાદેશિક (D) સ્થાનિક

**6.** જથ્થાબંધ બજારનો વેપારી કોની વચ્ચેની એક મહત્ત્વની કડી બને છે ?

(A) ઉત્પાદક અને એજન્ટ (B) ઉત્પાદક અને ગ્રાહક

(C) ઉત્પાદક અને છૂટક વેપારી (D) ઉત્પાદક અને ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ

**7.** પૂર્ણ હરીફાઈવાળું બજાર કેવું બજાર ગણાય છે ?

(A) આદર્શ (B) ઈજારો

(C) નિયંત્રિત (D) મર્યાદિત

**8.** ખેતઉત્પાદનનું બજાર એ કેવા પ્રકારના બજારનું ઉદાહરણ ગણાવી શકાય ?

(A) ઈજારો (B) પૂર્ણ હરીફાઈ

(C) ઈજારાયુક્ત હરીફાઈ (D) અલ્પહસ્તક ઈજારો

**9.** પૂર્ણ હરીફાઈવાળા બજારમાં વસ્તુની કિંમત, વસ્તુની માંગ અને પુરવઠા દ્વારા નક્કી થતી હોવાના કારણે વેચનાર બજારમાં માત્ર શું બની રહે છે ?

(A) કિંમત નક્કી કરનાર (B) કિંમત સ્વીકારનાર

(C) કિંમત વધારનાર (D) કિંમત સ્થિર કરનાર

**10.** પૂર્ણ હરીફાઈવાળા બજારની માંગરેખા કેવી બને છે ?

(A) મૂલ્યસાપેક્ષ (B) મૂલ્યઅનપેક્ષ

(C) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ (D) સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ

**11.** કયા બજારમાં વાહનવ્યવહાર ખર્ચ શૂન્ય હોય છે ?

(A) ઈજારો (B) ઈજારાયુક્ત હરીફાઈ

(C) અલ્પહસ્તક ઈજારો (D) પૂર્ણ હરીફાઈ

12. કયા બજારમાં ઉત્પાદક કે વેચનારને કિંમત નક્કી કરનાર તરીકે ઓળખવામાં આવે છે.

(A) ઈજારો (B) પૂર્ણ હરીફાઈ

(C) ઈજારાયુક્ત હરીફાઈ (D) અલ્પહસ્તક ઈજારો

13. રેલવેની ટિકિટના જુદા-જુદા દર કયા બજારનું ઉદાહરણ છે ?

(A) પૂર્ણ હરીફાઈ (B) ઈજારાયુક્ત હરીફાઈ

(C) અલ્પહસ્તક ઈજારો (D) ઈજારો

14. એન્ડ્રોઇડ ફોન કેવા બજારનું ઉત્પાદન ગણાય છે ?

(A) પૂર્ણ હરીફાઈ (B) ઈજારો

(C) ઈજારાયુક્ત હરીફાઈ (D) અલ્પહસ્તક ઈજારો

15. કયા બજારમાં હરીફાઈનું પ્રમાણ તીવ્ર કક્ષાનું હોય છે ?

(A) પૂર્ણ હરીફાઈ (B) ઈજારો

(C) ઈજારાયુક્ત હરીફાઈ (D) અલ્પહસ્તક ઈજારો

16. મોટરસાઈકલ (બાઈક)નાં વેચાણનું બજાર કેવા પ્રકારના બજારનું ઉદાહરણ ગણાવી શકાય ?

(A) પૂર્ણ હરીફાઈ (B) અપૂર્ણ અલ્પહસ્તક ઈજારો

(C) ઈજારાયુક્ત હરીફાઈ (D) ઈજારો

17. કિંમત ચુસ્તતા કયા બજારમાં જોવા મળે છે ?

(A) ઈજારો (B) પૂર્ણ હરીફાઈ

(C) અલ્પ હસ્તક ઈજારો (D) ઈજારાયુક્ત હરીફાઈ

18. ખાંચાવાળી માંગરેખા કયા બજારમાં શક્ય છે ?

(A) ઈજારો (B) પૂર્ણ હરીફાઈ

(C) ઈજારા યુક્ત હરીફાઈ (D) અલ્પહસ્તક ઈજારો

## વિભાગ B

- **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

1. બજાર વિશેનો ખ્યાલ કયા વિસ્તાર પૂરતો મર્યાદિત છે ?

2. પ્રો. સેમ્યુઅલસને આપેલી બજારની વ્યાખ્યા જણાવો.

3. બજારનાં ઘટકો (લક્ષણો)ના માત્ર મુદ્દા જણાવો.

4. ગ્રાહક ટેલિશોપિંગ કેવી રીતે કરે છે ?

5. સ્થાનિક બજાર કોને કહેવાય ?

6. જથ્થા આધારિત બજારના કેટલા પ્રકાર પડે છે ? કયા-કયા ?

7. હરીફાઈ આધારિત બજારને શેના આધારે વર્ગીકૃત કરવામાં આવે છે ?

8. પૂર્ણ હરીફાઈવાળું બજાર એ કેવું બજાર છે ?

9. શ્રીમતી જ્હોન રોબિન્સને આપેલી પૂર્ણ હરીફાઈની વ્યાખ્યા જણાવો.

10. પ્રો. લેફ્ટવીચે આપેલી પૂર્ણ હરીફાઈની વ્યાખ્યા જણાવો.

11. પૂર્ણ હરીફાઈવાળા બજારમાં વેચનાર માત્ર 'Price-taker' 'કિંમત સ્વીકારનાર' કેવી રીતે બની રહે છે ?

**12.** પૂર્ણ હરીફાઈવાળા બજારની માંગરેખા કેમ સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ હોય છે ?

**13.** ચેમ્બરલીને આપેલી ઇજારાની વ્યાખ્યા જણાવો.

**14.** પ્રો. સ્ટિગ્લરે આપેલી ઇજારાની વ્યાખ્યા જણાવો.

**15.** ઇજારામાં ઉત્પાદક કે વેચનારને 'કિંમત નક્કી કરનાર' 'Price-maker' તરીકે કેમ ઓળખવામાં આવે છે ?

**16.** ઇજારાયુક્ત હરીફાઈની પ્રો. ચેમ્બરલીને આપેલી વ્યાખ્યા જણાવો.

**17.** ઇજારાયુક્ત હરીફાઈની શ્રીમતી રોબિન્સને આપેલી વ્યાખ્યા જણાવો.

**18.** અલ્પહસ્તક ઇજારામાં હરીફાઈનું પ્રમાણ કેવું હોય છે ?

**19.** અલ્પહસ્તક ઇજારાની પ્રો. સ્ટીગ્લરે આપેલી વ્યાખ્યા જણાવો.

**20.** અલ્પહસ્તક ઇજારાની પ્રો. બોમલે આપેલી વ્યાખ્યા જણાવો.

## વિભાગ C

- **નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

1. ઑનલાઈન શોપિંગ કેવી રીતે કરી શકાય ?

2. પ્રાદેશિક બજાર ઉદાહરણ સાથે સમજાવો.

3. 'બજારોનું વર્ગીકરણ ભૌગોલિક રીતે ચુસ્ત (જડ) રહ્યું નથી. વિધાન સમજાવો.

4. જથ્થાબંધ બજાર ઉદાહરણ સાથે સમજાવો.

5. છૂટક બજાર ઉદાહરણ સાથે સમજાવો.

6. હરીફાઈ આધારિત બજારના વર્ગીકરણનો ચાર્ટ દોરો.

**7.** પૂર્ણ હરીફાઈવાળા બજારની તમામ વસ્તુઓ એકબીજાની સંપૂર્ણ અવેજીમાં કેમ હોય છે ?

**8.** પૂર્ણ હરીફાઈમાં પેઢીઓની અવરજવર મુક્ત હોય છે. વિધાન સમજાવો.

**9.** પૂર્ણ હરીફાઈ અને ઇજારા વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

**10.** નીચેના પારિભાષિક શબ્દો સમજાવો.

(1) ઉત્પાદન-પ્રક્રિયાઃ

(2) બજારઃ

(3) કિંમત-ભેદભાવઃ

(4) કિંમત-ચુસ્તતાઃ

## વિભાગ D

- **નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

**1.** ટૂંક નોંધ લખો : બજારનું વર્ગીકરણ

**2.** બજારનાં ઘટકો (લક્ષણો) સમજાવો.

**3.** ટૂંક નોંધ લખો : જથ્થા આધારિત બજારનું વર્ગીકરણ

**4.** કિંમત-ચુસ્તતા (ખાંચાવાળી માંગરેખા) આકૃતિ સહિત સમજાવો.

**5.** કિંમત સ્વીકારનાર અને કિંમત નક્કી કરનાર પરિબળોની સમજૂતી આપો.

**6.** ઈજારો અને ઈજારાયુક્ત હરીફાઈનો તફાવત સ્પષ્ટ કરો.

## વિભાગ E

- **નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

**1.** બજારનું વર્ગીકરણ ઉદાહરણ સહિત સમજાવો.

2. પૂર્ણ હરીફાઈનો અર્થ આપી તેની લાક્ષણિકતાઓ સમજાવો.

3. ઈજારાનો અર્થ આપી ઈજારાનાં લક્ષણો સમજાવો.

**4.** ઈજારાયુક્ત હરીફાઈનો અર્થ આપી તેનાં લક્ષણો સમજાવો.

**5.** અલ્પહસ્તક ઈજારાનો અર્થ આપી તેનાં લક્ષણો સમજાવો.

●